# યુનિફોસ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ

સીઆઈએન: L24219GJ1969PLC001588

નોંધણીકૃત કાર્યાલય: ૧૧,જી.આઈ.ડી.સી., વાપી, જિ.વલસાડ, ગુજરાત–૩૯૬૧૯૫.

ટેલિફોન: +૯૧ ૨૬૦ ૨૪૩૨૭૧૬ | ઈમેઈલ: uel.investors@upl-ltd.com | વેબસાઈટ: www.uelonline.com

## ૫૩મી વાર્ષિક સામાન્ય સભા અંગેની સૂચના

૧. આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીની ૫૩મી વાર્ષિક સામાન્ય સભા(**''એજીએમ'') શુક્રવાર, તા. ૧૯મી ઓગસ્ટ,૨૦૨૨ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યે (ભારતીય સમય મુજબ)** વિડીયો કોન્ફરન્સિંગ (**''વીસી''**)/અન્ય વિઝ્યુઅલ મીન્સ (**''ઓએવીએમ''**) દ્વારા યોજવામાં આવશે. કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળના નિયમો અને સિકયોરિટીઝ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડીસકલોઝર રીકવાયરમેન્ટસ) ના નિયમો,૨૦૧૫ ના પાલન સાથે, તથા કોર્પોરેટ કાર્ય મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા સામાન્ય પરિપત્રો નં. ૨૦/૨૦૨૦, તા. ૫મી મે,૨૦૨૦, નં.૨૧/૨૦૨૧,તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૨૧ અને નં. ૦૨/૨૦૨૨, તા. ૫મી મે,૨૦૨૨ અને કોર્પોરેટ કાર્ય મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા અન્ય લાગુ પરિપત્રો અને સિકયોરિટીઝ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (''સેબી'')ના પરિપત્ર નંબર SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તારીખ ૧૩,મી મે ૨૦૨૨ (**સામૂહિક રૂપે લાગુ પરિપત્રો તરીકે ઓળખાય છે**), એજીએમ બોલાવવાની સૂચનામાં જણાવેલા કાર્યો પાર પાડવા માટે સભ્યો વીસી/ઓએવીએમ દ્વારા એજીએમ પર હાજરી આપીને વોટીંગ કરી શકશે. વૈકલ્પિક રીતે, સભ્યો https://www.evoting.nsdl.com પર લિંક દ્વારા એજીએમનું જીવંત પ્રસારણ જોઈ શકે છે. વીસી / ઓએવીએમ સુવિધા દ્વારા ભાગ લેનારા સભ્યોને ફકત એજીએમ ખાતે હાજર હોવાનું માનવામાં આવશે અને તેમની હાજરી કોરમના હેતુ માટે ગણવામાં આવશે. ૫૩મી એજીએમનું સ્થળ કંપનીની નોંધણી કચેરી ૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જિ. વલસાડ, ગુજરાત–૩૯૬૧૯૫ ખાતે હોવાનું માનવામાં આવશે.

૨. લાગુ પડેલા પરિપત્રોના પાલનમાં એજીએમની નોટીસ અને નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ના નાણાકીય નિવેદનો અને તેની સાથે બોર્ડ રિપોર્ટ, ઓડિટર્સ રિપોર્ટ અને તેમાં જોડાયેલા અન્ય દસ્તાવેજો કંપનીના એવા સભ્યોને કે જેમના ઈમેઈલ સરનામાંઓ લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ., રજિસ્ટાર અને ટ્રાન્સફર એજેન્ટ (આર ટી એ)/ કંપની / ડિપોઝિટરી સહભાગીઓ સાથે નોંધાયેલા છે તેવા સભ્યોને મોકલવામાં આવશે. ઉપરોકત દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.uelonline.com પર અને સ્ટોક એકસચેન્જોની વેબસાઈટ, એટલે કે બીએસઈ લિમિટેડ www.bseindia.com અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા લીમીટેડ www.nseindia.com પર ઉપલબ્ધ રહેશે, અને એનએસડીએલની વેબસાઈટ https://www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ રહેશે.

૩. સભ્યો દ્વારા બેંક મેન્ડેટ,ઈ–મેલ આઈડી, એડ્રેસમાં સુધારા, પાનકાર્ડ, વગેરેની નોંધાણી/સુધારા બાબતની સૂચના: સભ્યોને તેમના નામ, એડ્રેસ, ઈ–મેલ, ટેલિફોન/મોબાઈલ નં., પાનકાર્ડ,બેંક મેન્ડેટ, નોમિનેશન, પાવર ઓફ એટર્ની, બેન્કની વિગતો જેવીકે બેંન્કનું નામ તથા શાખા,બેન્ક ખાતા નં., MICR કોડ,IFSC કોડ વગેરેની નોંધાણી અથવા સુધારા કરવા બાબત નીચે જણાવેલી સુચનાને અનુસરવા વિનંતી કરવામાં આવેછે:

- ફિઝિકલ સ્થિતિમાં શેરો ધરાવતા સભ્યોએ ઉપરોકત વિગતોની નોંધાણી અથવા સુધારા કરવા માટેની વિગતો SEBI Circular No. SEBI/HO/MIRSD/MIRSD_RTAMB/P/CIR/2021/655 તારીખ નવેમ્બર ૩, ૨૦૨૧ માં જણાવેલ નમૂના ISR-1 તથા અન્ય નમૂનામાં ઉપરોકત વિગતોની નોંધાણી અથવા સુધારા કરવા માટેની વિગતો ભરીને કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, લિન્ક ઈંટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. ને મોકલી આપવા વિનંતી છે.
- ડિમટીરીયલાઈઝડ મોડમાં શેર ધરાવતા સભ્યોએ જેમની સાથે તેઓ તેમના ડિમેટ ખાતું ધરાવે છે તેવા ડિપોઝિટરી સહભાગિયોને ઉપરોકત વિગતોની નોંધાણી અથવા સુધારા કરવા માટે જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.
- આ બાબતની જાણ કરતો KYC માટેનો પત્ર તારીખ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ કંપનીએ શારધારોકને મોકલી આપ્યો છે. ઉપરોકત નમૂના ISR-1 તથા અન્ય નમૂના કંપનીની વેબસાઈટ www.uelonline.com ઉપર ઉપલબ્ધ છે.

૪. **ઈ–મતદાનદ્વારા મતદાન કરવાની રીત:**

૪.૧ સભ્યોને એજીએમની સૂચનામાં જણાવેલ ઈલેકટ્રોનિક મતદાન પ્રણાલી **(ઈ–વોટિંગ)** દ્વારા સૂચવેલા કામકાજ પર પોતાના મતો આપવાની તક મળશે.

૪.૨ જે સભ્યોએ તેમના ઈમેઈલ સરનામાં નોંધાવેલ નથી એવા ડિમટીરીયલાઈઝડ મોડ અને ફીઝીકલ સ્થિતિમા શેર ધરાવતા સભ્યો દ્વારા તેમને રિમોટલી મતદાન કરવાની રીત (રિમોટ ઈ–વોટિંગ) તેમને એજીએમની નોટીસના સૂચનામાં આપવામાં આવી છે.

૪.૩ ઈલેકટ્રોનિક મતદાન પ્રણાલી દ્વારા મતદાન માટેની સુવિધા વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજર રહેલા સભ્યોને પણ ઉપલબ્ધ કરવામાં આવશે પરંતુ જેમણે રિમોટ ઈ–મતદાન દ્વારા પોતાનો મત આપ્યો નથી તે એજીએમ પર મત આપી શકશે.

૪.૪ ઈ–મતદાન દ્વારા મતદાન કરવા માટેના લોગિન ઓળખપત્રો ઈમેઈલ દ્વારા સભ્યોને ઉપલબ્ધ કરવવામાં આવશે. જે સભ્યો પાસે ઈમેઈલ સુવીધા નથી અથવા જેમના ઈમેઈલ સરનામાં કંપની/આરટીએ/ડિપોઝિટરી સહભાગીઓ સાથે નોંધાયેલા નથી, તેઓ એજીએમની સૂચનાના ભાગની નોંધમાં આપેલા સૂચનોને અનુસરીને લોગઈન કરવા માટે માન્યતા પ્રાપ્ત કરી શકે છે.

૪.૫ ઉપરોકત તરીકે લોગઈન માન્યતાનો ઉપયોગ વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં ભાગ લેવા માટે પણ થઈ શકે છે.

૫. **ડિવિડન્ડ:** બોર્ડ ઓફ ડિરેકટરોએ ૨૪મી મે ૨૦૨૨ના રોજ મળેલી તેમની બેઠકમાં શેર દીઠ રૂ ૫.૬૫નું ડિવિડન્ડ આપવાની ભલામણ કરી છે. કંપનીના સભ્યોનું રજીસ્ટર તથા શેર ટ્રાન્સફર બુકસ **શનિવાર, તા. ૬ઠી ઓગસ્ટ,૨૦૨૨થી શુક્રવાર,તા.૧૯મી ઓગસ્ટ,૨૦૨૨** સુધી બંધ રહેશે. જેનો હેતુ ૩૧મી માર્ચ, ૨૦૨૨ના રોજ પુરા થયેલ નાણાકીય વર્ષ માટે બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા ભલામણ કરેલ ડિવિડન્ડની ચુકવણી માટે સભ્યોના હક નકી કરવા માટેનો છે. ઉપરોકત ડિવિડન્ડ, જે ૫૩મી વાર્ષિક સામાન્ય સભામાં સભ્યોની મંજુરી તથા લાગુ દરે સ્રોત પર કર કપાતને આધીન, એવા સભ્યોને ચુકવવામાં આવશે કે

૫.૧ જે સભ્યો ફિઝીકઝલ માધ્યમથી શેર ધારણ કરેછે તેવા સભ્યોને કે જેમના નામ કંપનીના સભ્યોના રજીસ્ટરમાં **શુક્રવાર,તા.૫ મી ઓગસ્ટ,૨૦૨૨**ના રોજ નોંધાયેલા હશે., અને

૫.૨ જે સભ્યો ડિમેટ માધ્યમથી શેર ધારણ કરેશે તેવા સભ્યોને કે જેમના નામ નેશનલ સેકયુરિટિસ ડિપોઝિટરી લિમિટેડ તથા સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ દ્વારા **શુક્રવાર, તા.૫ મી ઓગસ્ટ,૨૦૨૨** રોજ જારી કરેલ સુચીમાં નોધાયેલ હશે. લાગુ પરિપત્રો અનુસાર, ઉપરોકત ડિવિડન્ડની ચુકવણી ઈલેકટ્રોનિક માધ્યમથી એવા સભ્યોને કરવામાં આવશે કે જેમણે પોતાના બેંક ખાતાની વિગતમાં જરૂરી સુધારા કર્યા છે, અને જે સભ્યોએ પોતાના બેંક ખાતાની વિગતમાં જરૂરી સુધારા ન કર્યા હોય તેવા સભ્યોને ઉપરોકત ડિવિડન્ડની ચુકવણી ડિવિડન્ડ વોરંટ અથવા ડિમાન્ડ ડ્રાફટ દ્વારા, ટપાલ અથવા બીજી રવાનગી પદ્વતિથી તેમના નોધાયલા સરનામાં ઉપર મોકલામાં આવશે.

૬. જે સભ્યો રિમોટ ઈ–વોટિંગ દ્વારા અથવા એજીમ દરમ્યાન મતદાન કરવા ઈચ્છેછે, તેવા સભ્યોને એજીએમ બોલાવતા નોટિસના ભાગ રૂપે નોંધાયેલ તમામ નોંધો વાંચવા અને સમજવા વિનંતી છે,ખાસ કરીને મતદાન કરવાની રીતની પધ્ધતિ અનુસંધાનના નોંધો.

**યુનિફોસ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ વતી**
**સહિ**
**કે. એમ. ઠકકર**
**કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર**

**મુંબઈ**
**૨૨મી જુલાઈ, ૨૦૨૨**